SURAT MUNICIPAL CORPORATION

એક કદમ સ્વચ્છતા કી ઓર

# સુરત મહાનગરપાલિકા

ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ
જાહેર બાગ બગીચા ખાતુ

જાહેર બાગબગીચા ખાતુ
ગાંધીબાગ, રંગઉપવનની બાજુમાં,
ચોકબજાર, સુરત – ૩૯૫૦૦૩.

પીપીજી/આ.વ./નં.૫૪૦
તા.૧૮/૦૭/૨૦૨૬

## કવોટેશન

**વિષય : – સામાજીક વનીકરણ વિભાગની નર્સરીઓમાંથી રોપા સુ.મ.પા.ની વિવિધ નર્સરીઓ પર પહોંચાડવાના કામે ભાવો આપવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સુ.મ.પા.ના ગાર્ડન વિભાગમાં વિવિધ ઝોનમાં હાલ ચોમાસાની ઋતુ દરમ્યાન પ્લાન્ટેશનની કામગીરી માટે સામાજીક વનીકરણ વિભાગની નર્સરીઓમાંથી રોપા સુ.મ.પા.ની વિવિધ નર્સરીઓ પર પહોંચાડવા માટે પ્રતિ રોપા નંગ ટ્રાન્સપોર્ટ સાથે ભરવા અને ઉતારવાના કામ માટે નીચે જણાવેલ શરતો અને સ્પેશીફીકેશન આધિન ઈજારદારે પત્રક – અ માં દર્શાવ્યા મુજબ ભાવો આપવાના રહેશે.

**પત્રક – અ**

| વિગત / સ્પેશીફીકેશન | ભાવ રૂા. પ્રતિ રોપા નંગ ટ્રાન્સપોર્ટ સાથે ભરવા અને ઉતારવા | ભાવ રૂા. પ્રતિ રોપા નંગ ટ્રાન્સપોર્ટ સાથે ભરવા અને ઉતારવા (શબ્દોમાં) માટેના |
|---|---|---|
| સામાજીક વનીકરણ વિભાગની નર્સરીઓમાંથી રોપા સુ.મ.પા.ની વિવિધ નર્સરીઓ પર પહોંચાડવા માટે | | |

**શરતો :–**

૧. ઈજારદારે સ્વખર્ચે વાહન રોકી સામાજીક વનીકરણ વિભાગની ઓલપાડ, કામરેજ, પલસાણા, ચોર્યાસી, મહુવા વિગેરે તાલુકાની નર્સરીઓમાંથી સ્વખર્ચે રોપાઓ ભરી વહન કરી શહેર હદ વિસ્તારના સુચવ્યા મુજબના સ્થળે રોપાઓ ઉતારવાના રહેશે.

૨. ઈજારદારને વાહતુક ખર્ચ, કામદારનું મહેનતાણુ, બળતણ ખર્ચ વિગેરે અલગથી ચુકવવામાં આવશે નહિ.

૩. ઈજારદારે ઉપરોક્ત દર્શાવેલ પત્રક–અ મુજબ ૦૧ (એક) નંગ રોપાનો ભાવ(રોપા નર્સરીમાંથી ભરી, વાહતુક કરી અને સુચિત જગ્યાએ ઉતારવા સહિતનો ભાવ) ભરવાનો રહેશે.

૪. સદર કામગીરી દરમ્યાન કોઈ પણ અકસ્માત, માલહાની કે જાનહાની ન થાય તે માટે સેફટી મેજર્સનું ધ્યાન રાખી અમલ કરવાનું રહેશે. જે બાબતે કોઈ પણ અકસ્માત, માલહાની કે જાનહાની થાય કે કોઈપણ અનિયમિતતા અંગે સુ.મ.પા. ની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

૫. સદર કામગીરી સુરત મહાનગરપાલિકાના સુચવ્યા મુજબના કોઈ પણ સ્થળે દિવસ તેમજ રાત્રી દરમ્યાન તેમજ જાહેર રજાના દિવસો અને અઠવાડિક રજાના દિવસ દરમ્યાન પણ કામની જરૂરીયાત મુજબ સુ.મ.પા.ના ગાર્ડન વિભાગના જવાબદાર કર્મચારી દ્વારા આપેલ સુચના મુજબ કરવાની રહેશે.

૬. બાનાની રકમ પેટે રૂા.૫,૦૦૦.૦૦પૈ. નો ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ચેક, કમીશનરશ્રી સુ.મ.પા.ના નામનો કવોટેશન સાથે સામેલ કરવાનો રહેશે.

૭. બીન શરતી કવોટેશન જ સ્વીકારવામાં આવશે.

૮. **ઈજારદારે ઉપરોક્ત દર્શાવેલ પત્રક – અ માં દર્શાવ્યા મુજબના ભાવ આપના લેટરપેડ પર તા.૨૩/૦૭/૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં કવરની ઉપર વિષય લખી ચીફ એકાઉન્ટન્ટ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની ઓફિસે રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ,ફક્ત પોસ્ટલ ઓથોરીટી ધ્વારા મોકલવાના રહેશે.**

૯. કોઈ પણ કવોટેશન સ્વીકારવા અથવા કોઈપણ અથવા તમામ કવોટેશન નકારવા અથવા એકથી વધુ કવોટેશન ભરનારાઓ વચ્ચે ઓર્ડરની વહેંચણી કરવાનો સર્વ હકક મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે અંગે કોઈપણ કારણ આપવામાં આવશે નહી.

૧૦. કામગીરીના સંદર્ભમાં જે કોઇ વિવાદ ઉત્પન્ન થાય તે માટે સુરતની કોર્ટની હકુમતને આધીન રહેશે.

ઉપરોક્ત શરતો મે વાંચી છે અને મને મંજુર છે.

ઈજારદારની સહી, સિક્કો, સરનામું

sd/-
ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ
જાહેર બાગબગીચા ખાતુ